## સે. ૨૨માં શિવકથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સે. ૨૨ના રંગમંચ ખાતે આજથી શ્રી સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવકથાનો પ્રારંભ થયો છે. શિવકથાનો પ્રારંભ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ પૂ. ફૂલશંકર શાસ્ત્રીએ મંગલદીપ પ્રગટાવી કર્યો હતો.

શિવકથાના પ્રારંભ પૂર્વે સે. ૨૨ની ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં શ્રી જિગરભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાનેથી નીકળી હતી અને સેક્ટરના મુખ્ય માર્ગો પર થઈ યાત્રા કથાના સ્થળે પહોંચી હતી. જયાં જ્યોતિષાચાર્ય જિગ્નેશ મહારાજ અને શ્રી રામદાસ યોગીએ સ્વાગત કર્યુ હતું.

આ પ્રસંગે વેપારી અગ્રણી શ્રી કાળીદાસ પટેલ, શ્રી મહેશભાઈ ત્રિવેદી, રાકેશભાઈ જાની, શ્રી મનુભાઈ ત્રિવેદી, શ્રી સુરેશભાઈ મહેતા (કોર્પોરેટર) તપોધન બ્રહ્મસમાજના અગ્રણીઓ, શ્રી દિગ્વીજયસિંહ ચાવડા (કોર્પોરેટર) સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

## કોબા હાઈસ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

શ્રી જી.ડી.એમ. તથા એચ.એન. જે. કોબાવાળા ગાંધીનગર હાઈસ્કૂલ, કોબા ખાતે તાજેતરમાં ધોરણ-૧૦ અને ધોરણ:૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો બોર્ડની વાર્ષિક પરીક્ષાની શુભેચ્છા આપતો સમારંભ યોજાયો હતો.

ગુજરાતી ઈતિહાસ પરિષદના પૂર્વ અધ્યક્ષ પ્રો. ડૉ. કે.સી. બારોટના અધ્યક્ષસ્થાને યોજાયેલા બોર્ડની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓના શુભેચ્છા સમારંભમાં વિદ્યાર્થીઓને પરીક્ષાનો ડર દૂર કરી, જે તે વિષયને આયોજન બદ્ધ વાંચનમાં સ્થાન આપી જરૂરી તૈયારી સાથે પરીક્ષા આપવા જણાવ્યું હતું. સ્વસ્થ મન સાથે વાંચન, લેખન અને મનન કરી સઘન અભ્યાસ કરવા જણાવી ઊંચી સિદ્ધિ હાંસલ કરવા આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન યોજાયેલી વિવિધ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, બાહ્ય પરીક્ષાઓ તેમજ જિલ્લા, રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય ટ્રસ્ટી મંડળ તથા શાળા પરિવારે દરેક વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા માટે શુભેચ્છા પાઠવી હતી.

## સનાથલ ગામના ખેતરનાં કૂવામાંથી યુવકનો મૃતદેહ મળ્યો

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદના ચાંગોદર પાસે આવેલા સનાથલ ગામના ખેતરના કૂવામાંથી એક અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી.ખેતરના કૂવામાંથી લાશ મળી આવતા સમગ્ર ગામમાં સનસનાટી મચી ગઈ હતી. આ અંગે ખેતરના માલિક લવજી ઠાકોરે પોલીસને જાણ કરતાં ચાંગોદર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અને અકસ્માત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ઘટનાની વિગત એવી છે કે ચાંગોદર પાસે આવેલા સનાથલ ગામમાં લવજી ઠાકોરનું ખેતર આવેલું છે. આ ખેતરમાં આવેલા કૂવામાં ગઈકાલે સવારે લાશ હોવાની જાણ તેમના ખેતરમાં કામ કરતાં મજૂરે જણાવી હતી. જેના પગલે લવજીભાઈએ ચાંગોદર પોલીસને જાણ કરી હતી.

પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી લાશને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. મરનાર યુવકની ઉંમર આશરે ૩૦થી ૪૦વર્ષની હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. હાલમાં મરનાર યુવકની ઓળખ થઈ નથી. ચાંગોદર પોલીસે ગુનો નોંધી મરનાર યુવક કોણ છે તે જાણવા દિશામાં તપાસ હાથ ધરી છે.

## સમસ્ત ખડાયતા સમાજનો ઈનામોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત, ગાંધીનગર દ્વારા તા. ૨૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ આંબેડકર હોલ, સેક્ટર-૧૨ ખાતે શૈક્ષણિક ઈનામોત્સવ કાર્યક્રમ તેમજ વડીલોનું બહુમાન કરતો અને મનોરંજન કાર્યક્રમ યોજાયો હતો.

સમાજના શૈક્ષણિક ઈનામોત્સવ તેમજ વડીલોના બહુમાન અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર જ્ઞાતિજનોના બહુમાન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. કે.જી.થી માસ્ટર ડીગ્રી સુધીના ૬૦ જેટલા વિદ્યાર્થીઓને આ પ્રસંગે ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. ૫ જેટલા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સજ્જનને સન્માનપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન અમદાવાદની સંસ્થા દ્વારા જુદી જુદી ઈવેન્ટો રજૂ કરવામાં આવી હતી. સમાજના મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ કાઠીયાવાડી ભોજનનો સ્વાદ માણ્યો હતો એમ મંત્રી બી.ડી. શાહે જણાવ્યું હતું.

## સોમનાથ મહાદેવ મંદિર, સે. ૧૬નો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬માં આવેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે શિવરાત્રી નિમિત્તે પ્રથમ પાટોત્સવનું તા. ૯ અને ૧૦ માર્ચના રોજ કરવામાં આવ્યું છે.

સંસ્થાના અગ્રણી નરેશ દવેએ જણાવ્યું છે કે, સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા શિવરાત્રી નિમિત્તે તા. ૯મી અને ૧૦મી માર્ચના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે. જે અંતર્ગત રુદ્ર મંડળ ગાંધીનગર દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા યાગનું મંદિરના પરિસરમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શનિવારે સવારે ૮.૩૦ કલાકે યાગનો પ્રારંભ કરવામાં આવશે. જેની પૂર્ણાહુતિ રવિવારે મહાશિવરાત્રીએ સાંજે ૫.૩૦ કલાકે કરવામાં આવશે. આ ઉપરાંત ૯મી માર્ચના રોજ રાત્રે સંતવાણીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગરનાં ભીખુદાન ગઢવી, શીવુદાન, નરહરદાન તેમજ ચેતનદાન અને લાભુદાન ગઢવી શિવ ભજનોનો શીલશીલો ચલાવશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંતો અને મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહેશે.

# તબીબ પત્નિ હત્યા કેસમાં હજુ પડદો ન ઉંચકાતા ઘુંટાતુ રહસ્ય

## પોલીસને ત્રણ દિવસે પણ કોઈ મજબુત કડી હાથ લાગી નથી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ટૉક ઓફ ધ ટાઉન બનેલ તબીબ પત્નિના હત્યા કેસમાં પોલીસે તમામ મોરચે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ૩-૩ દિવસ વિતી ગયા હોવા છતાં પણ ભારે તપાસમાં લાગેલી પોલીસને હજુ સુધી કોઈ પણ કડીઓ હાથ લાગી નથી ત્યારે આ ચર્ચાસ્પદ ઘટનાનું રહસ્ય હજુ પણ ઘુંટાઈ રહ્યું છે.

પાટનગર ગાંધીનગરમાં બે દિવસ અગાઉ કુડાસણ ખાતે સ્થિત રાધે રેસીડેન્સીના છઠ્ઠા માળે ઘરમાં ઘુસીને ગાંધીનગરના જાણીતા ડૉ. વિવેક ભાવેની પત્નિ રશ્મિબેન ભાવેની કરપીણ હત્યા થઈ જવા પામી હતી. ૩ દિવસ વિતી ગયા હોવા છતાં પણ આ હત્યા પ્રકરણમાં હજુ સુધી હત્યા પાછળના ઈરાદા સંદર્ભે કોઈ કારણ બહાર આવ્યું નથી. પોલીસે આ ચર્ચાસ્પદ પ્રકરણમાં ઝીણવટ ભરી તપાસ હાથ ધરી સગા સંબંધી અને કામકાજ અર્થે આવતા લોકોના નિવેદન લીધા છે પરંતુ તેમ છતાં પોલીસને હજુ સુધી હત્યારા સુધી પહોંચવામાં કે તેના વિશે માહિતી મેળવવામાં સફળતા મળી નથી. હત્યા કયા હેતુથી કરવામાં આવી છે તે પણ બહાર આવ્યું નથી ત્યારે છેલ્લા ૩ દિવસથી ટૉક ઓફ ધ ટાઉન બનેલી આ ઘટનાનું રહસ્ય હજુ પણ ઘુંટાઈ રહ્યું છે. પોલીસ આ કેસને લઈ તમામ દિશામાં તપાસ કરી રહી છે પણ હજુ સુધી પોલીસના હાથ ખાલી ખમ છે.

# સિવિલ હોસ્પિટલમાં યુઝર ચાર્જીસના દરોમાં ઘટાડો અંશતઃ નાબૂદ કરાયો

ગાંધીનગર, તા.૨૫

સિવિલ હોસ્પિટલમાં જિલ્લા રોગી કલ્યાણ સમિતિ દ્વારા વસુલવામાં આવતા યુઝર ચાર્જમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અલબત્ત લેબોરેટરી વિભાગની તમામ સારવાર સંબંધિત યુઝર્સ ચાર્જ રદ કરવામાં આવ્યો છે. જયારે અન્ય રોગોને લગતી સારવારમાં પણ ચાર્જીસના દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. યુઝર ચાર્જીસમાં થયેલા સુધારાનો અમલી આગામી તા.૧ માર્ચથી કરવામાં આવશે.

શહેરની સિવિલ હોસ્પિટલમાં ડીસેમ્બર વર્ષ ૨૦૧૦થી રોગી કલ્યાણ સમિતિના બેનર હેઠળ વિવિધ પ્રકારની સારવાર અને ટેસ્ટ માટે દર્દી પાસેથી યુઝર ચાર્જ વસુલવામાં આવે છે. દર્દીઓ પાસેથી યુઝર ચાર્જ વસુલવાની આ નીતિ સામે ઉગ્ર વિરોધ થતા નગરની સ્વૈચ્છિક સંસ્થાઓએ યુઝર ચાર્જ નાબૂદ કરવા રજૂઆત કરી હતી. આ તબક્કે આરોગ્યમંત્રીએ પણ યુઝર ચાર્જના મામલે ઘટતું કરવા જણાવ્યું હતું. પરંતુ ચાર્જ નાબુદ કરવા કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી ન હતી. જયારે એક મહિના અગાઉ રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં જિલ્લા કલેકટરે યુઝર ચાર્જમાં સુધારો કરવા નિર્ણય લીધો હતો. જેના પગલે આગામી તા. ૧ માર્ચથી યુઝર ચાર્જીસમાં સુધારો અમલી બનાવાશે. સિવિલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સીટી સ્કેન, આઈ.પી.ડી. કેશ પેપર, છાતી-પેટ તેમજ અન્ય લોહી યુનિટ દીઠ તેમજ લેબોરેટરી વિભાગના તમામ પ્રકારનો યુઝર ચાર્જીસ રદ કરવામાં આવે છે. જયારે ફીઝીકલ ફીટનેશ, એક્ષરે-ડેન્ગ્યુ ટેસ્ટ સહિત શરીરમાં ઉદભવતા વિવિધ રોગોને લગતા ટેસ્ટના યુઝર ચાર્જીસમાં ઘટાડો કરવામાં આવે છે. સ્વાતંત્ર્ય સેનાની, એક્રેડીટેડ મીડીયા પર્સન, પોલીસ દ્વારા લવાતા કેસમાં, વૃધ્ધાશ્રમમાંથી આવતા દર્દીઓ, સિનિયર સિટિઝન કાર્ડ ધારકો તેમજ નિરાધાર વ્યકિત માટે યુઝર ચાર્જ માફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# સે-૭ પોલીસે સંવેદનશીલતા અને ફરજ નિષ્ઠાનું ઉદાહરણ પુરું પાડયું

## માનસિક બિમાર યુવકને મુંબઈ પરિવારજનો સાથે ભેટો કરાવ્યો અને અંધ વૃધ્ધાને અંધજન મંડળ મોકલી આપી

ગાંધીનગર, તા.૨૫

વાત-વાતમાં પોલીસનું કયારેક નામ આવતા અથવા તો પોલીસ સ્ટેશનનું નામ સાંભળીને જ કેટલાયના પસીના છૂટી જાય છે પરંતુ તેવું નથી પોલીસની ફરજ નિષ્ઠામાં માનવતાવાદી અભિગમ કેળવાયો હોવાના કિસ્સાઓ પણ તાદશ થઈ રહ્યા છે. પોલીસની આ ઉમદા ફરજ નિષ્ઠાના લીધે પોલીસ અને પ્રજા વચ્ચેનો સેતુ-વધુ મજબુત અને ફ્રેન્ડલી બને તેવી આશા સેવાઈ રહી છે. નિરાધાર હાલતમાં નગરના માર્ગો પર ભટકતી અંધ અને અશકત મહિલાને પોલીસે અંધજન મંડળમાં આશરો અપાવી સમાજને પોલીસ સંવેદનશીલ હોવાનો અહેસાસ કરાવ્યો છે. બીજી તરફ માનસિક રીતે અસ્થિર યુવાનનો મુંબઈ સ્થિત પરિવારજનો સાથે ભેટો કરાવી સાચા અર્થમાં પ્રજાના સેવક તરીકેની ફરજ નિષ્ઠા અદા કરી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર શહેરના ઘ-૧ નજીક માર્ગ પર થોડા દિવસો પહેલા પડી જવાથી ૧ વીસ વર્ષીય ઘાયલ યુવાન મળી આવતા સે-૭ પોલીસ મથકના હે.કો. કાળાભાઈ મગનભાઈ અને અજય મણીલાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાવી તેની સારવાર કરાવી હતી અને બાદમાં પૂછપરછ કરતા આ માનસિક રીતે બિમાર યુવાન મુંબઈના નાંદેડનો સંતોષ માધવ હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આથી પોલીસે મુંબઈમાં તેના પરિવારજનો સાથે સંપર્ક કરી યુવાન સંતોષના પિતા ભુજંગા ગાડેકટ રહે. નાંદેડ મહારાષ્ટ્ર સાથે ભેટો કરાવી આપ્યો હતો જયારે અન્ય એક બનાવમાં ગાંધીનગર શહેરના સે-૭ પોલીસ મથકના હે.કો. લક્ષ્મણસિંહ નથાજીઅને કનુભાઈ રાયમલભાઈએ નગરના માર્ગો પર ભટકતી અંધ અશકત ૭૦ વર્ષીય લક્ષ્મીબેન પરમાનંદ સિંધી નામની મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાવી વસ્ત્રાપુર અંધજન મંડળ ખાતે મોકલી આપવામાં આવી હતી પોલીસે સંવેદનશીલ બનાવના બંને કેસોમાં પ્રયત્નોને સાર્થક કરતા ઉદાહરણરૂપ કામગીરી કરી છે.

## નિ:શુલ્ક નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, સિવિલ હોસ્પિટલ ગાયત્રી પરિવાર અને સહયોગ મંડળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તાજેતરમાં હિલોલ તેમજ કડજોદરા ગામે નિ:શુલ્ક નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયો હતો.

દહેગામ તાલુકાના હિલોલ અને કડજોદરા ગામે તા. ૨૩મી અને ૨૪મી ફેબ્રુઆરી દરમિયાન વિના મુલ્યે નેત્ર ચકાસણી કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૨૧ વ્યકિતઓને તપાસી ૩૮૬ વ્યકિતઓને ચશ્માનું વિતરણ સ્થળ ઉપર જ કરવામાં આવ્યું હતું. તથા ૫૮ વ્યકિતઓને મોતિયાનું નિદાન થતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવી વિના મુલ્યે ઓપરેશન કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી એમ સહયોગ મંડળ ગાંધીનગરના પ્રમુખ ભગુભાઈ પટેલે જણાવ્યું છે.

## સે-૩૦માં બી.સી.એ.ના વિદ્યાર્થીઓ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૩૦માં આવેલી શાંતિવન સોસાયટીમાં રહેતા અને બી.સી.એસ.માં અભ્યાસ કરતા ૨૩ વર્ષીય યુવકે આજે ઘરમાં જ અગમ્ય કારણોસર પંખાના હુક પર દોરી બાંધી આજે બપોરે ૧૨.૩૦ કલાકે ગળે ફાંસો ખાઈ લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ સે-૩૦ માં આવેલી શાંતિવન સોસાયટીમાં રહેતો અને બી.સી.એ.માં અભ્યાસ કરતો ૨૩ વર્ષીય યુવક કશ્યપભાઈ ભરતભાઈ ભટ્ટે આજે પોતાના જ ઘરમાં બપોરે ૧૨.૩૦ કલાકે અગમ્ય કારણોસર પંખાના હુક પર દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ આત્મહત્યા અંગે સેકટર-૨૧ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે આવી ગુનો નોંધી યુવકના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને સમગ્ર મામલાની તપાસ હાથ ધરી સાચું કારણ જાણવા કામે લાગી ગઈ છે.



**રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના સભ્યો પલ્સ પોલીસો અભિયાનમાં જોડાયા**

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા પલ્સ પોલીયો અભિયાનમાં પ્રોજેક્ટ ચેરમેન ડૉ. ગૂંજન જૈનના નેતૃત્વ હેઠળ તેના સભ્યોએ તાજેતરમાં પથિકાશ્રમ બસ સ્ટેન્ડ, ગાંધીનગરની ઝુંપડપટ્ટીઓ તથા મજૂર વસાહતોમાં રહેતા બાળકોને પલ્સ પોલીયોના ટીંપા પીવડાવ્યા હતા.

રોટરી પ્રેસીડેન્ટ સમીર ત્રિવેદી, સેક્રેટરી મેહુલ મહેતા, કમલ જૈન, રાહુલ મહેતા, ચૈતન્ય શુકલ, સુરેન્દ્ર ઉપાધ્યાય, કિરણ પટેલ, અલકા પટેલ, જગજીતસિંહ, સુધીરકુમાર, કેતન મહેતા, આશિષ પટેલ, ઉર્મિલ વેદ, સંજય બારોટ, નીતિનભાઈ અને અન્ય રોટેરીયન મિત્રોએ ગાંધીનગરમાં વસતા પાંચ વર્ષથી નાના બાળકોને પોલિયોનાં ટીંપા પીવડાવ્યા હતા. જેમાં પથિકાશ્રમ બસ સ્ટેન્ડ, ગાંધીનગરની ઝુંપડપટ્ટીઓ અને મજૂર વસાહતોને પણ આવરી લેવામાં આવ્યા હતા.

# સમુહ લગ્નોને પ્રોત્સાહન આપવા વર્ષ-૨૦૧૨થી યુગલોને રૂ. ૧૦,૦૦૦ની પ્રોત્સાહક સહાય

## અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના સમુહલગ્નોની આયોજક સંસ્થાને પણ રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય

ગાંધીનગર, તા. ૨૫

રાજયમાં સમૂહ લગ્નોને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકાર દ્વારા સમુહલગ્નોના આયોજકોને અને સમુહલગ્નો દરમિયાન લગ્નગ્રંથીથી જોડતા યુગલોને પ્રોત્સાહક આર્થિક સહયોગ આપવામાં આવે છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતી અને વિકસતી જાતિના યુગલોને અગાઉ 'સાત ફેરા સમુહલગ્નમાં' યોજના અંતર્ગત રૂ. ૫,૦૦૦નું પ્રોત્સાહન આપવામાં આવતું હતું. પરંતુ વર્ષ ૨૦૧૨ થી રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૦,૦૦૦નું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

મંત્રીશ્રી રમણલાલભાઈ વોરાએ જણાવ્યું હતું કે, જે સંસ્થાઓ સમુહલગ્નનું આયોજન કરી રહી છે. તે સંસ્થાઓને પણ પ્રોત્સાહન સ્વરૂપે ૨૫ યુગલોની મર્યાદા સુધી પ્રત્યેક યુગલ દીઠ રૂ. ૨૦૦૦ની પ્રોત્સાહક સહાય આપવામાં આવી રહી છે. રૂ. ૫૦,૦૦૦ની મર્યાદા સુધીમાં અપાતા આ પ્રોત્સાહનમાં ઓછામાં ઓછા ૧૦ યુગલોના સમુહલગ્ન હોવા જોઈએ એવી જોગવાઈ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩
સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૯.૦૦, ૧.૪૫, ૬.૪૫, ૮.૪૫, ૧૦.૪૫
એબીસીડી: એની બૉડી કેન ડાન્સ (૩ડી) : ૧૧.૦૦, ૩.૪૫

: સ્ક્રીન-૨ :
કાઈ પો છે : ૯.૪૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૦૦, ૧૦.૧૫
કાઈ પો છે : ૬.૪૫

### સૂર્યા, વાવોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હા હું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૨.૪૫, ૫.૧૫

### ચિરાગ, કલોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### શૈક્ષણિક

- કડી સર્વ વિદ્યાલય સંચાલિત વિવિધ પ્રાથમિક શાળાઓના તેજસ્વી તારલાઓને પૂ. દાસકાકા અને પૂ. દિવાળી બા સ્મૃતિ પારિતોષિક પુરસ્કાર અર્પણ સમારોહ અને વાર્ષિકોત્સવ સમારોહ બપોરે ૧.૩૦ કલાકે, સેકટર-૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલયના સેકટર-૨૩ના કેમ્પસમાં આવેલ ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન, ખાતે યોજાશે.

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. ડહીબેન ગોવિંદભાઈ પટેલ (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૧૦૮૦/૨, સેકટર-૬/સી, ગાંધીનગર.
- સ્વ. ડહીબેન બાદલજી ઠાકોર (ઉ.વ. ૭૦) ઘર નં. ૧૪૮, ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. પ્રણવભાઈ ચંદુલાલ જૈન (ઉ.વ. ૫૪) પ્લોટ નં. ૩૪૧/૧, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. બાલાજી રણછોડજી સોલંકી (ઉ.વ. ૫૦)મુ.પો. બુટાચીયા (ડભોડા), તા. દેહગામ, જિ. ગાંધીનગર.